eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 66
25 August, 2006

## આભાર અભિવ્યકિત સમારોહ

તા.૨૪–૦૮–૨૦૦૬નાં રોજ બપોરે ૨.૩૦ કલાકે સુરત પૂર સંકટ પરિસ્થિતિમાં સ્વૈચ્છિક સંગઠનોએ બચાવ રાહત અને નાગરિક સેવાઓ પુનઃસ્થાપનમાં આપેલ અમૂલ્ય ફાળા બદલ ગુજરાત સરકાર ધ્વારા ''આભાર–અભિવ્યકિત'' સમારોહ અગ્રસેન ભવન, સીટી લાઈટ રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ જુદી જુદી સ્વૈચ્છિક સેવા સંગઠનો પ્રતિ પ્રેરણા તથા પ્રોત્સાહન પુરુ પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## વીર કવિ નર્મદની ૧૭૩મી જન્મજયંતિ



સુરત મહાનગરપાલિકા તરફથી તા. ૨૪–૦૮–૨૦૦૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક વીર કવિ નર્મદની ૧૭૩મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીબાગ, ચોકબજાર ખાતે કવિ નર્મદ પ્રતિમાની વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ સાફ–સફાઈની કામગીરી

તાજેતરમાં આવેલ વિનાશક પૂરના કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં હવે સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. તા. ૨૪–૦૮–૨૦૦૬ના રોજની સાંજે ૪.૦૦ કલાક સુધીની સુરત મહાનગરપાલિકા ના તમામ ઝોન મારફત કરવામાં આવેલ દૈનિક કામગીરીની માહિતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## લેપ્ટોસ્પાયરોસીસ રોગ વિષે આટલું અવશ્ય જાણો

હાલમાં આવેલ અભૂતપૂર્વ પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરના કેટલાંક વિસ્તારોમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાયરોસીસના કેસો જોવા મળેલ છે. આ રોગની સમયસર સારવાર મળે તો મૃત્યુ નિવારી શકાય છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોના સહયોગથી કતારગામ ઝોનમાં સફાઈ કામગીરી અને ડીવાઈડરને કલરકામ



અમદાવાદ સ્થિત ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી ડો. જગદીશભાઈ ગોઠીના માર્ગદર્શન હેઠળ તેઓની સંસ્થાના વિદ્યાર્થીઓએ તા. ૨૪–૮–૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન વિસ્તારમાં આવેલ સોસાયટીઓના સી.ઓ.પી.ની સફાઈ કરી અને સાંજે તા. ૨૫–૮–૦૬ના રોજ સીંગણપોર ચાર રસ્તાથી વાળીનાથ સર્કલ થઈ પ્રાણનાથ હોસ્પીટલ સુધી રોડ ડીવાઈડરને કલરકામ કર્યુ.

વધુ માટે કલીક કરો >>>>>>

સુરત શહેરમાં આવેલ કુદરતી આફતનો સામનો

કરવામાં મદદરૂપ થનાર તમામ નામી—અનામી સંસ્થાઓ,

સરકારી—અર્ધસરકારી સંસ્થાઓ

તેમજ તમામ શહેરીજનોનો

# સુરત મહાનગરપાલિકા

આભાર માને છે.

## આભાર અભિવ્યકિત સમારોહ

તા.૨૪–૦૮–૨૦૦૬નાં રોજ બપોરે ૨.૩૦ કલાકે સુરત પૂર સંકટ પરિસ્થિતિમાં સ્વૈચ્છિક સંગઠનોએ બચાવ રાહત અને નાગરિક સેવાઓ પુનઃસ્થાપનમાં આપેલ અમૂલ્ય ફાળા બદલ ગુજરાત સરકાર ધ્વારા "આભાર–અભિવ્યકિત" સમારોહ અગ્રસેન ભવન, સીટી લાઈટ રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ જુદી જુદી સ્વૈચ્છિક સેવા સંગઠનો પ્રતિ પ્રેરણા તથા પ્રોત્સાહન પુરુ પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો. સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના શ્રી માથુરભાઈ સવાણીએ પુર સમયે સાધનો તેમજ ફુડ પેકેટનું વિતરણ કર્યુ તેમજ મહાનગરપાલિકા, જાહેર જનતા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓનો આભાર માનેલ. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી જીવરાજભાઈ ધારૂકાવાળાએ ૪૨૦૦૦ ફુડ પેકેટ, ૪૦૦ ડોકટરો તથા ૮૦૦ કર્મચારીઓને ફુડ વિતરણ માટે સેવા લીધી તે અંગે જાણકારી આપી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ નાણાવટીએ ૪૦૦૦ ફુડ પેકેટ તેમજ કીટનું વિતરણ કરેલ. એન. જી. ઓ. એ કરેલી ઉત્કર્ષ કામગીરીને બિરદાવી હતી.

અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના શ્રી કિશોરભાઈ બિંદાલે ૨૦૦ વર્ષમાં ભયંકર પુર આવ્યુ તથા યુધ્ધ સ્તરે રાહત કામગીરી કરવામાં આવી તે અંગે વિસ્તારથી જણાવ્યું. જેમાં ટ્રસ્ટ તરફથી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે દરરોજ ૨૦૦૦ ફુડ પેકેટ આપેલ. તેમજ અધિકારીશ્રીઓ માટે રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ તે બાબતે જણાવ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શ્રી યશંવતભાઈએ તેમના વકતવ્યમાં સંસ્થા સ્થાપનાકાળથી સેવા કરી રહી છે. પૂર વખતે ૩૬ લોકોના જીવ બચાવ્યા, ૪૦ લાખ પાણીના પાઉચ, ૬૦ લાખના દુધના પાઉચનું વિતરણ કર્યુ. તથા ૧૫૦૦ જેટલા કાર્યકારોએ સફાઈ અભિયાનનો આરંભ કર્યો. અમરોલી–કતારગામ–રાંદેર ઝોન વિસ્તારમાં સફાઈ કામગીરી કરી. ૨૩ જેટલા મેડીકલ કેમ્પો ધ્વારા ૭૦૦૦ વ્યકિતઓની મેડીકલ ચકાસણી કરી. ૨૧૦૦ પરિવારોને ઘર વખરીનું વિતરણ કર્યુ. અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના શ્રી હર્ષદભાઈ જોષીએ તેમના વકતવ્યમાં પુરના ૧૮મા દિવસે શહેર ચોખ્ખુ થયુ તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સિંહ ફાળો છે. તથા સંસ્થા તરફથી સારંગપુર ખાતેથી મોટરબોટ મંગાવી ૨૫૬ યુવકો ૧૫ ફુટ પાણીમાં ઈસ્લામ યતિમખાનામાં ફસાયેલા હતા તેમને બચાવ્યા. તથા રેલ્વે, હેલીકોપ્ટર મારફત મુંબઈ–કચ્છ તેમજ અન્ય વિસ્તારોમાંથી સહાય મેળવવામાં આવેલ. ૨૧૦૦ સ્વંયસેવકોએ રાત દિવસ રાહત કામગીરી કરેલ. સ્વાધ્યાય પરિવારના શ્રી દિપકભાઈ ભોંસલેએ તેમના ટુંકા વકતવ્યમાં ૬૦૦૦ સ્વંય સેવકોએ પૂરમાં કામગીરી કરેલ તે અંગે પ્રકાશ ફેંકયો. વર્ધમાન સેવા ટ્રસ્ટ, ધોળકાના ડો.સંજયભાઈ શાહે સુરત શહેરમાં પૂર રાહતમાં ત્રણ તબકકામાં કામગીરી કરી તે અંગે જણાવ્યું. સંસ્થા તરફથી તૈયાર ખોરાક, પાણી, દૂધ–રાશન રોકડ સહાયનું વિતરણ કર્યુ. તથા ૧૦૦% ઘર વખરી ગુમાવનારને રૂા.૫૦૦/– થી રૂા.૩,૦૦૦/– સુધીની રોકડ આર્થિક મદદ કરી ઘરવખરીની કીટ આપી પશુઓ માટે સુકા તેમજ લીલા ઘાસચારાની વ્યવસ્થા કરી. તેમજ ગુજરાત ગેસ તરફથી ૨૪ કલાક સુધી સતત ગેસ પુરવઠો ચાલુ રાખવા બદલ ગુજરાત ગેસ કંપનીનો આભાર માન્યો. લાર્સન એન્ડ ટોબ્રોના શ્રી એસ. રાજાએ દેશના પ્રાકૃતિક આફતોમાં ફસાયેલા લોકોને મદદ કરવા માટે કંપની તરફથી હંમેશા મદદ માટે તત્પરતા બતાવેલ.

ગુજરાત સરકારના શહેર વિકાસના અગ્રસચિવ શ્રી એસ. આર. રાવે તેઓ છેલ્લા ૧૦ વર્ષથી સુરતમાં જ છે અને સુરતની જનતાનો પ્રેમ મળતો રહે છે. તથા સ્વચ્છ સુરત, સુંદર સુરતનું સ્વપ્ન સાકાર કરવા ફરી તત્પર રહેવા માટે શહેરીજનોને હાકલ કરી હતી. સુરત શહેરનો ૮૦% જેટલો વિસ્તાર સતત ૫ દિવસ સુધી પૂરમાં ફસાયેલો હતો તે દરમ્યાન સૈન્યના ૧૦૦૦ જવાનો, પશ્ચિમ ભારતના હેલીકોપ્ટરો, કોસ્ટ ગાર્ડ, સી. આર. પી. એફ તથા રાજયની પોલીસ રોકાયેલ. રાજય સરકારે સુરત શહેરમાં ૩૦૦ ડોકટરો મોકલાવેલ છે. તથા સુરતના ડોકટરો સતત ૨૪ કલાક શહેરમાં રોગચાળો ફાટી ન નીકળે તેની તકેદારી રાખી રહયા છે. શહેરની જનતાએ ખોટી અફવાથી ગભરાવાની જરૂર નથી તેવું સ્પષ્ટ જણાવેલ.

મા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના વકતવ્યમાં બીજાને માટે કંઈક કર્યુ છે તેવા લોકોના દર્શન કરવાની મને તક મળી તે બદલ આભાર વ્યકત કર્યો તેમજ માનવતાના કાર્યમાં મદદ કરી દુઃખમાં ભાગીદાર બન્યા તે સૌનો ઋણ સ્વીકાર કર્યો. પૂર પછી તેમનો સુરતમાં ૬ઠ્ઠો દિવસ છે. હાલમાં પૂર બાદ અફવાનું પૂર જોર પકડયું છે. જૂઠના સોદાગરો, મોતના સોદાગરો છે. સમાજને આ અંગે ખોટી અફવાથી દૂર રહેવા લોકોએ સજાગ રહેવું પડશે. કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે ગુજરાત મોતની ચાદર ઓઢીને આવ્યું છે. તેને ઉભુ થતા ઓછામાં ઓછો સાત વર્ષનો સમય લાગે તેવો રિપોર્ટ વિશ્વ બેંકનો છે. તેમ છતાં આજે ખુબ જ ટૂંકા ગાળામાં કચ્છે વિકાસની હરણફાળ ભરી છે. સરકારની કામગીરીને કોઈ બિરદાવે કે ન બિરદાવે તેની કોઈ ચિંતા નથી. પરંતુ સમાજની સ્વૈચ્છિક સંસ્થાઓએ કરેલી કામગીરીને બિરદાવવી જોઈએ.

ડે. મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલે આભારવિધિ વ્યકત કર્તા પૂર સંકટમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ કામગીરી કરી તેને બિરદાવી. સાથો સાથ સુરત મહાનગરપાલિકાના ૯૦% જેટલા કર્મચારીઓના ઘરમાં કમર જેટલા કે તેથી વધારે પૂરના પાણી હોવા છતાં શહેરની સેવા કરવા માટે પોતાની ફરજ પર તાત્કાલીક હાજર થઈ સુરત શહેરને સ્વચ્છ બનાવવામાં મંડી પડેલ છે. આ તબકકે હું તેઓ સર્વેનો આભાર વ્યકત કરુ છું.

TOP

## વીર કવિ નર્મદની ૧૭૩મી જન્મજયંતિ





સુરત મહાનગરપાલિકા તરફથી તા. ૨૪–૦૮–૨૦૦૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક વીર કવિ નર્મદની ૧૭૩મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીબાગ, ચોકબજાર ખાતે કવિ નર્મદ પ્રતિમાની વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સાંનિધ્યમાં યોજાયેલા કવિ નર્મદ વંદનાના કાર્યક્રમમાં પાણી પુરવઠા અને જળ સંપત્તિ પ્રધાનશ્રી નરોત્તમભાઈ પટેલ, મેયર ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સુરતના મુર્ધન્ય સાહિત્યકાર ડો. ભગવતીકુમાર શર્મા, શ્રી જનકભાઈ નાયક, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા નાગરિકોએ હાજર રહી સમાજ સુધારક વીર કવિ નર્મદના કાર્યોને યાદ કરીને તેમની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી.

TOP

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ સાફ–સફાઈની કામગીરી

તાજેતરમાં આવેલ વિનાશક પૂરના કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં હવે સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. તા. ૨૪–૦૮–૨૦૦૬ના રોજની સાંજે ૪.૦૦ કલાક સુધીની સુરત મહાનગરપાલિકા ના તમામ ઝોન મારફત કરવામાં આવેલ દૈનિક કામગીરીની માહિતી.

**સેન્ટ્રલ ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૯ પીવાના પાણીના ટેન્કર, ૭૦૦૦ કલોરીનની ટીકડીઓ, ૧૨ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૯૦૦૦ કિ.ગ્રા. પાવડર અને ૨૫૮.૫૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૫–ટ્રેકટર, ૧–ટ્રક, ૨૦–ડમ્પર, ૧૪–જેસીબી, ૨–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૭૭૪ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૪૩ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૧૫૩ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૩૮૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૧૫–નાના મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે.

**કતારગામ ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૪ પીવાના પાણીના ટેન્કર, ૯૫૯૦ કલોરીનની ટીકડીઓ, ૨૩ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૪૭૦૦ કિ.ગ્રા. પાવડર અને ૩૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૦–ટ્રેકટર, ૩૦–ટ્રક, ૨૬–જેસીબી,૪–લોડર અને ૩–અન્ય મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૮૨૧ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૨૩૬ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૬૨ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૩૦૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ કરવામાં આવેલ છે તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૨૮ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**વરાછા ઝોન :–** આ વિસ્તારમાં ૩–ટ્રેકટર, ૨૦–ડમ્પર, ૫–જેસીબી, જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૯૫૬ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૯૬ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૬૦ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૫૫ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

**લિંબાયત ઝોન :–** આ વિસ્તારમાં ૮૯૦૦ કલોરીનની ટીકડીઓ, મેડીકલ ટીમો ધ્વારા નાગરિકોને ૯૨૭૬ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૬૬૭૫ કિ.ગ્રા. પાવડર અને ૧૫૫ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૮–ટ્રેકટર, ૫–ટ્રક, ૩–ડમ્પર, ૨–જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૭૨૨ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૨૦૧ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૮૦ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૩૫૩ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

**ઉધના ઝોન :–** આ વિસ્તારમાં ૧૪૫૦૦ કલોરીનની ટીકડીઓ, ૮ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૬૦૧૬ કિ.ગ્રા. પાવડર અને ૧૭.૨૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧–ટ્રેકટર, ૧૫–ટ્રક, ૧૨–ડમ્પર, ૪–જેસીબી, ૨–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૬૧૬ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૩૨૭ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૧૦ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૨૬૪ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૬–નાના મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે.

**અઠવા ઝોન :–** આ વિસ્તારમાં ૧૪૫૦ કલોરીનની ટીકડીઓ, ૩૦ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૨૪૨૦ કિ.ગ્રા. પાવડર અને ૧૪ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૯–ટ્રેકટર, ૧૭–ટ્રક, ૭–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૬૨૩ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૮૫ હંગામી ધોરણે રોકેલા રોજીંદા બેલદારો, રોકવામાં આવેલ છે. જેથી ૭૩૫ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૨–નાના મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧૩૯ ડિ–વોટરીંગ પંપ અને ૩ જનરેટરની સેટની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**રાંદેર ઝોન :–** આ વિસ્તારમાં ૩૮૫૧૦ કલોરીનની ટીકડીઓ, ૨૫ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને ૨૩૧૧૬ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૩૨૮૨૮ કિ.ગ્રા. પાવડર અને ૧૭૯.૧૫ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૦–ટ્રેકટર, ૫૮–ટ્રક, ૩૭–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ

કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૬૭૩ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૩૪૯૧ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૩–નાના અને ૩–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧૪ ડિ–વોટરીંગ પંપ અને ૧ જનરેટરની સેટની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

તા. ૧૦–૮–૦૬ થી ૨૨–૮–૦૬ રાત્રે ૧૨.૦૦ કલાક સુધીની તમામ ઝોનની પોગ્રેસીવ માહિતી શહેરના પૂરગ્રસ્ત તમામ વિસ્તારમાં ૪૮૫૪૫૫૨ કલોરીનની ટીકડીઓ, મેડીકલ ટીમો ધ્વારા નાગરિકોને ૫૩૭૨૮૨ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૨૪૪૮૨૪૮ કિ.ગ્રા. પાવડર અને ૫૯૨૫૦.૬૧ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૨૯૮૧૭.૫૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૨૦૦૯–નાના અને ૨૧૪૫–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૨૪૪૦ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા

## લેપ્ટોસ્પાયરોસીસ રોગ વિષે આટલું અવશ્ય જાણો

**હાલમાં આવેલ અભૂતપૂર્વ પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરના કેટલાંક વિસ્તારોમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાયરોસીસના કેસો જોવા મળેલ છે. આ રોગની સમયસર સારવાર મળે તો મૃત્યુ નિવારી શકાય છે.**

### લેપ્ટોસ્પાયરોસીસ રોગના ચિન્હો :–

**સખત તાવ, માથાનો દુઃખાવો, સ્નાયુઓ અને સાંધાઓનો દુઃખાવો. આંખના સફેદ ભાગમાં લાલાશ જોવા મળે.ખાંસી, ગળફામાં લોહી પડવું, કમળો પેશાબ ઓછો થવો.**

### લેપ્ટોસ્પાયરોસીસથી થતા મૃત્યુ અટકાવવા માટે શહેરના તબીબો આટલું કરશો :–

**ઉપર જણાવેલા લક્ષણોથી આશંકા જણાય કે તાત્કાલિક લેપ્ટોસ્પાયરોસીસની ખાસ સારવાર ઉપલબ્ધ છે તેવી નવી સિવિલ હોસ્પિટલ, મજુરા ગેટ, સુરત ખાતે દર્દીને દાખલ થવા સલાહ આપવા વિનંતી.**

### લેપ્ટોસ્પાયરોસીસ થી સ્વરક્ષણ :–

**જરૂર વગર પાણીના ભરાવામાં હાથ પગ ઝબોળવા નહીં. પશુના મળ મૂત્ર વાળા/કાદવ કીચડ વાળા વિસ્તારની સફાઈ વખતે પગમાં બુટ પહેરવા તથા હાથનો સીધો સંપર્ક ટાળવો. ઘરની આસપાસ પાણીનો ભરાવો ન રહે તેની કાળજી રાખો. દુધ દોહતી વ્યકિત ના હાથમાં ચીરા કે ઘા હોય તો દોહવાનું કામ કરવું નહીં. ખેતી કામ માટે પાણી વાળા ખેતરમાં પ્રવેશ કામના સમય પુરતો જ કરવો. ઘાસ કાપવા જાવ ત્યારે પગમાં બુટ પહેરવા અને હાથમાં ઘા હોય ત્યારે આ કામ કરવું નહીં.**

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોના સહયોગથી કતારગામ ઝોનમાં સફાઈ કામગીરી અને ડીવાઈડરને કલરકામ





અમદાવાદ સ્થિત ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી ડો. જગદીશભાઈ ગોઠીના માર્ગદર્શન હેઠળ તેઓની સંસ્થાના વિદ્યાર્થીઓએ તા. ૨૪–૮–૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન વિસ્તારમાં આવેલ સોસાયટીઓના સી.ઓ.પી.ની સફાઈ કરી અને સાંજે તા. ૨૫–૮–૦૬ના રોજ સીંગણપોર ચાર રસ્તાથી વાળીનાથ સર્કલ થઈ પ્રાણનાથ હોસ્પીટલ સુધી રોડ ડીવાઈડરને કલરકામ કર્યુ. આ કામગીરીની માનનીય શ્રી એસ. આર. રાવ સાહેબે સ્થળ મુલાકાત લીધેલ છે. આ સંસ્થાની પ્રસંશનીય કામગીરી બીરદાવેલ છે. આ સંસ્થા નોર્થઝોન વિસ્તારમાં તા. ૨૯–૯–૦૬ સુધી કામગીરી કરનાર છે. આ કામગીરીમાં નોર્થઝોન વિસ્તારના માજી કોર્પોરેટર શ્રી મનસુખભાઈ પરસાળીયાએ પણ સ્થળ પર હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું.





TOP